

## કદર અને કિતાબ

### સંજય શ્રીપાદ ભાવે

# આપણી વચ્ચે હરતોફરતો સૉક્રેટીસ

અમદાવાદના પચાસથી વધુ કલાકારો અને કસબીઓએ જીવ રેડીને ભજવેલું, ગ્રીક તત્વચિંતક સૉક્રેટીસ પરનું ઐતિહાસિક નાટક અત્યારની ગુજરાતી રંગભૂમિ પરની એક બહુ મહત્વની ઘટના હતી. 'કશુંક ભાળી ભાળી ગયેલો માણસ' નામના આ બે અંકના નાટકનું સર્જન અમદાવાદ થિએટર ગ્રુપ અને રંગમંડળના ત્રણ પેઢીઓના રંગકર્મીઓનાં નાટક માટેનાં લગાવ તેમ જ નિસબતને કારણે શક્ય બન્યું. છઠ્ઠી સપ્ટેમ્બરે, ખીચોખીચ ભરાયેલા જયશંકર સુંદરી નાટ્યગૃહમાં, પગથિયાં પર બેઠેલાં સહિત હજાર પ્રેક્ષકોએ વધાવી લીધેલી આ મંચકૃતિ જોવી એક અવિસ્મરણીય અનુભવ હતો.



'કશુંક ભાળી ભાળી ગયેલો માણસ' નાટકનું એક દ્રશ્ય

નાટકના દિગ્દર્શક સમર્પિત કલાકાર રાજુ બારોટ છે. તેનું આલેખન વરિષ્ઠ નાટ્યવિદ ભરત દવેએ મનુભાઈ પંચોળી 'દર્શક'ની, લોકશાહીની વિભાવનાના સંદર્ભે પ્રસ્તુત એવી નવલકથા 'સૉક્રેટીસ'ને આધારે કર્યું છે. 'દર્શક'ના જન્મશતાબ્દી વર્ષમાં તેમના સામાજિક-રાજકીય દર્શનને ઉચિત અંજલિ મળી છે. નવલકથાકાર દર્શક ઈસવી સન પૂર્વેની ચોથી સદીના એથેન્સના ફિલસૂફ સૉક્રેટીસનાં માત્ર જીવન, વ્યક્તિત્વ અને સત્ય ખાતર તેના બલિદાનની કથા જ આલેખે છે એવું નથી. તેને સમાંતરે પ્રજ્ઞાવાન લેખક ગ્રીક સામ્રાજ્ય, તેનાં ગણરાજ્યોનું સત્તાકારણ, ન્યાયવ્યવસ્થા અને લોકશાહી માટેનાં વલોણાના વિશાળ પટને પણ આવરી લે છે. પોણા ચારસો પાનાંની સાહિત્યકૃતિને અઢી કલાકમાં ભજવી શકાય તેવી નાટ્યકૃતિમાં રૂપાંતરિત કરવાનો પડકાર દર્શકના અભ્યાસી ભરતભાઈએ ઘણે અંશે ઝીલ્યો છે. ચૌદ દ્રશ્યોમાં ભજવાતી અને પાંચ વૃંદગાન (ગીતો - ચિરાગ ત્રિપાઠી)માં જણાવાતી ઘટનાઓ થકી નાટક સૉક્રેટીસના દર્શનને સરળ ભાષામાં ઉઘાડતું આગળ વધે છે.

'ગ્રીસના સહુથી ડાહ્યા માણસ' સૉક્રેટીસ( પ્રવીણ હીરપરા)નો, પત્ની ઝેન્થેપી(દીપ્તિ જોશી)ના છણકા અને હેતનાં પૈડે ચાલતો કફલ્લક ઘરસંસાર આ નાટકમાં છે. લોકમત ઊંડી શ્રદ્ધા ધરાવતા એથેન્સના રાજા પેરિક્લિસ(રાજૂ બારોટ) તેમ જ તેની મેધાવી સૌંદર્યવતી સંગિની એસ્પેશિયા(વૈભવી ભટ્ટ) સાથેના સૉક્રેટીસના સંવાદોમાં અભિવ્યક્તિ સૌંદર્ય અને વિચારોનો મનોહર સુમેળ જોવા મળે છે.સૉક્રેટીસની મંડળીના ક્રિશ્યસ (વિશાલ શાહ), ક્રીટો (ચિંતન પંડ્યા),મીડિયા( તારિકા ત્રિપાઠી) અને એપોલોડોરસ ( વૈશાખ રાઠોડ) નાટકમાં વારંવાર સ્પષ્ટ પાત્રો તરીકે આવતાં રહે છે. તેમની સાથેના દ્રશ્યોમાં સૉક્રેટીસનાં નર્મવિનોદ અને નિર્મળતા,સ્વભાવ અને પ્રભાવ, તર્ક અને તત્વ પ્રકટતાં રહે છે.

એથેન્સનો ઘાતકી ધનાઢ્ય રાજપુરુષ એનેટસ (નિસર્ગ ત્રિવેદી), ધૂર્ત મુત્સદ્દી ક્લીયોન (હેમન્ત સોની), સ્પાર્ટાનો વિચારશીલ રાજા એજિસ (ધ્રુવ ત્રિવેદી)ના યુદ્ધ અને સત્તા માટેના આટાપાટાના દ્રશ્યો નાટકને માત્ર ચરિત્રકથાથી બહાર લાવી ઐતિહાસની સંકુલતા આપે છે. તેમાં મિટેલીન,મેલોસ, સેમોસ, મગારા, સિરેક્યૂઝ જેવાં અનેક નગરરાજ્યોનો ઉલ્લેખ છે, જે એથેન્સ અને સ્પાર્ટા વચ્ચે સત્તાવીસ વર્ષ ચાલેલા પેલોપોનેશિયન યુદ્ધમાં સંડોવાયાં હતાં.

અદાલતનાં સમૂહદ્રશ્યો દ્રશ્યો અસરકારક છે. એસ્પેશિયા પર તેના બબરચી મેનો (ઈકબાલ પટેલ)એ મૂકેલા આરોપ માટેના ખટલામાં વકીલ હર્મીપ્પસ (ગોપાલ બારોટ) ને એસ્પેશિયાએ આપેલો તેજસ્વી જવાબ જીર્ણમતની સામે સ્વતંત્ર નવસર્જનની મહત્તા બતાવે છે. સૉક્રેટીસ સામેનો ખટલો કવિ મેલેટસ(મૌલિક પાઠક) ચલાવે છે. લગભગ દરેક દ્રશ્યમાં જે નાટ્ય અને સંઘર્ષ છે તે યથાયોગ્ય માત્રામાં બહાર લાવવામાં અભિનેતાઓ અને દિગ્દર્શક સફળ રહ્યા છે.

નાટકમાં સ્થિતિ અને ગતિ બંને અનુભવાય છે. કસરતબાજી વિનાની સાદી છતાંય મંચને ભરેલો રાખતી દ્રશ્યરચના છે. કબીર ઠાકોરનાં મંચસજ્જા-સન્નિવેશ તેને બંધબેસતાં છે. સ્તંભ,સ્તર,ઊંચાઈ, પાર્શ્વભૂમિમાં પડદા પરની રાજમુદ્રાઓ અને બીજી અનેક બાબતો નાટકને ભવ્યતાનો સ્પર્શ આપે છે. અર્પિતા ધગતે દરેકેદરેક પાત્ર માટે બહુ જ ઝીણવટથી તૈયાર કરેલી ગ્રીક વેશભૂષા-રંગભૂષા નાટકની મોટી મિરાત છે. પગરખાં,બખ્તર, ભાલા,પ્યાલા, સિક્કા,બાકડા આવી કેટલીય નાની ચીજોનો મોટો ફાળો છે. સફરજન અને દ્રાક્ષનો આસવ,ઑલિવની વાડીઓ, મધ અને જવનો રોટલો કલાવતીઓ, ડેલ્ફીની દેવાંગનાઓ, એક્લેઝિયમ, યુરિપિડિઝના નાટકો , ડેમોઝ જેવા સંખ્યાબંધ ઉલ્લેખો ગ્રીસની ભૂમિ ઊભી કરવામાં ઉમેરો કરતા રહે છે. તે વાતાવરણને કબીરનું પ્રકાશ આયોજન અને નીતિશ પારેખનું સંગીત વધુ ઊઠાવ આપે છે.

નાની-મોટી દરેક ભૂમિકા દરેક કલાકારે બહુ લગનથી ભજવી છે. એકાદ-બે પ્રવેશથી પણ ધ્યાન ખેંચનારમાં, આસવ વેચનાર કંદર્પ શાહ કે સૈનિક ખ્યાલ દવે ઉપરાંત બીજા પણ હતા. પોતે ભજવેલા પાત્રની વ્યક્તિગત ઓળખ વિના નાટક માટે નિરપેક્ષ રીતે મહેનત કરનાર કલાકારોનાં ત્રણ જૂથ હતાં. કોરસ (હેતલ,મૌસમ,મલકા, નુપૂર, નીતા,મોરની, નેહા અને નીમા); ન્યાયાધીશો (ચંદ્રાર્ક , પુલકિત,પ્રતિક) ગ્રીક પ્રતિનિધિગણ (જય,માલવ,ધ્રુવ) અને એથેનિયન જન સમૂહ (ભૂપેન્દ્ર, સુમિત, જિગર, હાર્દિક, શુભમ, રવિ, સૌનિક, કિશન). દાદ મેળવનારા વાક્યો અને સંવાદો સહિત મોટાભાગનો આલેખ (સ્ક્રિપ્ટ) ભરતભાઈએ દર્શકની નવલકથાના અંશોની આશયપૂર્ણ પસંદગી અને ગોઠવણીથી તૈયાર કર્યો છે. નાટ્યપ્રયોગની મર્યાદાઓ તેની ઉત્કૃષ્ટતા સામે ઢંકાઈ જતી હતી. આખી કલાકૃતિમાં ગ્રીક દર્શનમાં હોય તે સંયમ અને સૌષ્ઠવનો, પ્રાસાદિકતા અને પ્રમાણભાનનો પાસ હતો.

ભાનમાં રહેવા માટે સૉક્રેટીસ પાસે જવાનું છે. તે કહે છે : 'બાકી તો જ્યાં ક્યાંય આ પ્રકારની લોકસત્તા છે ત્યાં આવું બનવાનું. લોકો કોઈવાર પાગલ થવાના. તેનું જ ભલું કરનાર હિતેચ્છુઓને હિતશત્રુ માની બેસવાના... 'લોક' જોડે મને ય પ્રેમ છે, 'શાહી' જોડે જ મને વાંધો છે... લોકશાહી ભોગવતા નાગરિકો પણ દાસ હોઈ શકે છે.' દર્શકે લખ્યું છે : 'સૉક્રેટીસને આપણા આ કથળેલા સમયમાં આપણી વચ્ચે હરતોફરતો કરવો તે મારો મૂળ હેતુ છે.' નાટક જોઈને દર્શકને કૃતાર્થતા લાગી હોત.

નવગુજરાત સમય ૧૭/૯/૧૮